


# સત્સંગ સમાચાર

## દેશ-વિદેશમાં અન્નકૂટ ઉત્સવ

*** કૅનેડા :** અનુપમ મિશન, કૅનેડાના ૨૫૦થી પણ વધુ અક્ષરમુક્તોએ ૧૭ નવેમ્બર, ૨૦૧૮ના રોજ અન્નકૂટ ઉત્સવનું આયોજન કરી ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીને રાજી કરવાના હેતુથી આ ઉત્સવ નિમિત્તે વિવિધ આયોજનો થયાં. બાળકોની વેશભૂષા પ્રતિયોગિતા યોજાઈ, જેમાં બાળકોએ શ્રી નીલકંઠવર્ણી, શ્રી રામ, શ્રી કૃષ્ણ, મીરાંબાઈ, નરસિંહ મહેતા, સરદાર પટેલ આદિ પાત્રોના વેશ ધારણ કરી તેઓના હૈયામાં થનગનતી પ્રભુભક્તિ, ગુરુભક્તિ અને રાષ્ટ્રભક્તિનાં દર્શન કરાવ્યાં. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ-મોગરીમાં નિર્માણાધીન નૂતન મંદિરની પ્રતિકૃતિનાં દર્શન કરી ડૉ. મનોજભાઈ સોની દ્વારા રચિત નૂતન ભજન 'અક્ષરના હે ધામી શ્રીજી...'નાં સામૂહિક ગાન થયાં. ભાવથી થાળનાં ગાન કરી પ્રભુને અર્પણ કર્યા. સંતભગવંત સાહેબજીના પ્રિરૅકોર્ડેડ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. ◆

*** મિશિગન :** ૪ નવેમ્બરના શુભ દિવસે મિશિગન, યુ.એસ.એ. મંડળના મુક્તોએ દિનેશભાઈ-દીપ્તિબહેનનાં માર્ગદર્શને સ્મિતાબહેન-પંકજભાઈના નિવાસસ્થાને અન્નકૂટ ઉત્સવનું આયોજન કર્યું. અન્નકૂટ ઉત્સવની પૂર્વ રાત્રિએ સૌ ભક્તોએ ભેગાં મળી પૂર્વતૈયારીઓ સંપન્ન કરી. નાનાં-મોટાં સૌ કોઈએ વ્યંજનો બનાવવાની, ગોઠવવાની, સભાવ્યવસ્થા આદિ સેવાઓમાં ઉત્સાહથી ભાગ લીધો. અત્યંત ભાવવિભોર હૈયે થાળનાં ગાન કરી પ્રભુને પ્રસાદ ધરાવ્યો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાના પ્રિરૅકોર્ડેડ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ કૃતાર્થ થયાં. ◆

*** રિચમંડ :** અમૅરિકાના રિચમંડ કેન્દ્રના ૧૭૫થી વધારે અક્ષરમુક્તોએ ૨ ડિસેમ્બરના રોજ ભાવેશભાઈ અને પરિવારનાં ભક્તિ-સમર્પણથી તૈયાર થયેલ નૂતન સભા હૉલમાં પ્રથમ અન્નકૂટ ઉત્સવ યોજી ભક્તિ અદા કરી. આ પ્રસંગે ઍલનટાઉન મંદિરેથી સંતો પૂ. જયેશભાઈ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. અરવિંદભાઈ પધાર્યા અને સૌના ઉત્સાહમાં વધારો કર્યો. સૌનાં ભાવથી સ્વાગત કરાયાં. ભાવથી થાળ ગાઈને ભક્તોએ પ્રભુને જમાડ્યા. સંતભગવંત સાહેબજી અને પૂ. શાંતિદાદાના પ્રિરૅકોર્ડેડ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત થયા અને પૂ. અશ્વિનદાદાએ ફૉન દ્વારા આશીર્વાદ વરસાવી સૌની સેવાને બિરદાવી. અંતે આરતી અર્પણ કરી, ભેળાં મળી સૌએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. ◆

*** સિયેટલ :** અમેરિકાના સિયેટલ મંડળમાં અક્ષરમુક્તોએ ભેગા મળી ૧૦ નવેમ્બરના રોજ અન્નકૂટ ઉત્સવની ભક્તિભરી ઉજવણી કરી. મંડળનાં બહેનોએ વિવિધ સ્વાદિષ્ટ વ્યંજનો તૈયાર કર્યાં તેમજ વડીલોએ અન્ય સેવાઓ સંભાળી. સૂરવૃંદનાં બાળકો અને ગૃહસ્થ ભક્તોએ ભાવથી થાળનાં ગાન કરી પ્રભુને જમાડ્યા. ભક્તોએ માહાત્મ્યગાન કર્યાં. ડૉ. વીરેન્દ્રભાઈએ પ્રસંગોચિત માહાત્મ્યગાન કરી ઉત્સવની સવિશેષ સમજ આપી. આ પ્રસંગે વૅનકુંવર મંડળના મુક્તો પણ ઉપસ્થિત રહ્યા. સૌએ ભેળાં મળી શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી. સંપ, સુહૃદભાવ અને એકતા સાથે સઘળી સેવાઓ ભક્તિરૂપે સાકાર કરી આનંદ કર્યો. ◆

*** ફ્રિમૉન્ટ :** અંતરના અત્યંત ઉમંગ સાથે અમૅરિકાના ફ્રિમૉન્ટ મંડળના મુક્તોએ એકત્ર થઈને ૧૭ નવેમ્બરના રોજ અન્નકૂટ ઉત્સવમાં ભક્તિ અદા કરી. આ પ્રસંગે ઍલનટાઉન મંદિરેથી સંતો પૂ. જયેશભાઈ, પૂ. આશિષભાઈ પધાર્યા. યુવાનોએ અદ્‌ભુત સુશોભન કર્યું તેમજ બહેનોએ અનેક વાનગીઓ ભાવથી બનાવી પ્રભુને ધરાવી. ભક્તોએ ભાવથી થાળનાં ગાન કર્યાં અને આરતી અર્પણ કરી. સંતોએ સૌની સેવાને બિરદાવી પ્રસન્નતા રૂપી આશીર્વાદ વરસાવ્યા. બપોરે સમૂહ મહાપૂજા દ્વારા સૌ ભક્તોએ સવિશેષ ભક્તિ અદા કરી. આ પ્રસંગે સંતભગવંત સાહેબદાદા, પૂ. અશ્વિનદાદા અને પૂ.





શાંતિદાદાના પ્રિરેકોર્ડેડ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ કૃતાર્થ થયાં. ભાવેશભાઈ-છાયાબહેનનાં માર્ગદર્શન હેઠળ સૌએ સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી સુંદર સેવાઓ કરી.◆

*** વડોદરા :** ૨ ડિસેમ્બરના રોજ પૂ. હર્ષદદાદા, પૂ. દિવ્યેશભાઈ, પૂ. કપિલભાઈ, પૂ. જગદીશભાઈ આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં અનુપમ મિશનના વડોદરા કેન્દ્રના અનુપમ મંદિરના શ્રી ઠાકોરજીના ૮મા પાટોત્સવ નિમિત્તે અન્નકૂટ ઉત્સવનું આયોજન થયું. આ પ્રસંગે અનેક અક્ષરમુક્તો તથા મહેમાનો પધાર્યા. સુંદર સુશોભન અને સ્વાદિષ્ટ વ્યંજનોની કલાત્મક ગોઠવણી દ્વારા ભક્તોએ ભક્તિ અદા કરી. સૂરવૃંદના ભાઈઓએ ભાવથી થાળનાં ગાન કર્યાં. વડોદરા મંડળના પ્રમુખ અશ્વિનભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. પૂ. દિવ્યેશભાઈ અને પૂ. કપિલભાઈએ ભક્તોની ભક્તિને બિરદાવી આશીર્વાદ વરસાવ્યા. ડૉ. મનોજભાઈ સોની દ્વારા રચિત નૂતન ભજન 'અક્ષરના હે ધામી શ્રીજી...'નાં સામૂહિક ગાન થયાં. પૂ. હર્ષદદાદાએ પ્રસન્નતા સાથે સૌ પર આશીર્વાદની વર્ષા કરી. આરતી અર્પણ કર્યા બાદ મહાપ્રસાદ લઈ સૌ વિસર્જિત થયાં. ◆



અમેરિકાના ફ્રિમૉન્ટ કેન્દ્રમાં ભાવથી અન્નકૂટ અર્પણ

*** ઉપાસના ધામ, અમદાવાદ :** અનુપમ મિશનના ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે દેવદિવાળીના શુભ પર્વે બૃહદ અમદાવાદ પ્રદેશના ભક્તોએ ભેગા મળી અન્નકૂટ ઉત્સવ તથા શાકોત્સવની દિવ્ય ઉજવણી કરી. શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ વિવિધ વ્યંજનો તેમજ ફળો અને શાકભાજીની કલાત્મક વૈવિધ્યપૂર્ણ ગોઠવણી કરી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, ડૉ. ભરતભાઈ પંડ્યા, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. મણિભાઈ આદિ સંતો પધાર્યા. તેમજ વાસુદેવભાઈ, જાનીસાહેબ, પંકજભાઈ પટેલ, આઈ.જી.પી. જાડેજાસાહેબ, ડૉ. પાર્થિવભાઈ મહેતા, રિટાયર્ડ જજ આનંદભાઈ આદિ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા. પૂ. ઉત્પલભાઈ અને પૂ. સતીશભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી અન્નકૂટ અને શાકોત્સવમાં ભક્તિ અર્પણ કરનાર સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. પૂ. અશ્વિનદાદાએ સૌ ઉપર રૂડા આશીર્વાદની વર્ષા કરી સ્મૃતિઓ આપી. ◆

*** અંકલેશ્વર :** સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અંકલેશ્વર મંડળના મુક્તો દ્વારા શરૂ કરાયેલ પાંચમી માસિક કીર્તન આરાધના ૨૩ નવેમ્બરના રોજ અર્પણ થઈ તથા ૨૪ નવેમ્બરના રોજ સૌ ભક્તોએ ભેગા મળી ૧૩મો અન્નકૂટ ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવ્યો. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, પૂ. સતીશભાઈ, પૂ. મણિભાઈ, પૂ. ઉત્પલભાઈ પધાર્યા. સંતોનાં સ્વાગત મંડળની દીકરીઓએ પ્રાર્થનાનૃત્ય દ્વારા કર્યાં. મંડળના યુવા સૂરવૃંદે થાળનાં ભાવભર્યાં ગાન કરી પ્રભુને જમાડ્યા તેમજ સૌને કીર્તનભક્તિમાં ગુલતાન કર્યાં. ભાવિશાબહેને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. પૂ. ઉત્પલભાઈ અને પૂ. સતીશભાઈએ ભક્તોની સેવાને બિરદાવી ઉત્સવ-માહાત્મ્યનું વર્ણન કર્યું. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે ૨૫૦ જેટલા અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહી સંતોના સમાગમનો લાભ લીધો. ◆

*** નાની વાવડી :** સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી મોરબી નજીક આવેલ નાની વાવડી ગામમાં ભક્તોએ ભેગા મળી હરિમંદિરના માધ્યમથી ભક્તિનો માહાત્મ્યયુક્ત પ્રવાહ વહાવ્યો છે. ૨૯ નવેમ્બરના રોજ મંદિરના



ઉપાસના ધામ, અમદાવાદમાં ભવ્ય અન્નકૂટ ઉત્સવ



સંતોના સાંનિધ્યે સેંકડો ભક્તોની ઉપસ્થિતિમાં અંકલેશ્વરમાં અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

૧૬મા પાટોત્સવ તેમજ નૂતન વર્ષ નિમિત્તે અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ધારીથી પૂ. અરુણભાઈ, અનુપમ મિશન-મોગરીથી પૂ. ગોપાલબાપા, પૂ. ઉમેશભાઈ, પૂ. ચંદુભાઈ તેમજ માણાવદરથી પૂ. નીરવભાઈ આદિ સંતો પધાર્યા. અન્નકૂટ ઉત્સવ અને મહાપૂજાની ભક્તિ દ્વારા સૌ ભાવભીના બન્યાં. પૂ. ગોપાલબાપા અને પૂ. અરુણભાઈએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. બહેનો દ્વારા બનાવેલ વિવિધ સ્વાદિષ્ટ વ્યંજનો પ્રભુને ધરાવી સૌએ ભાવપૂર્ણ ભક્તિ અદા કરી. આ પ્રસંગે નાની વાવડી તેમજ મોરબીના ભક્તોએ પધારી દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો. ◆



સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે બ્રહ્મજ્યોતિ-મોગરીમાં શાકોત્સવ ભક્તિ

## દેશ-વિદેશમાં શાકોત્સવ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** દેવ ઊઠી અગિયારસ-૧૯ નવેમ્બરના પવિત્ર દિવસે બ્રહ્મજ્યોતિ-મોગરીના પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ શાકોત્સવની દિવ્ય ઉજવણી કરી સંતો-ભક્તોએ ભક્તિ અદા કરી. ગુણાતીત સમાજના જ્યોતિર્ધર ગુરુહરિ કાકાજી મહારાજ-ગુરુહરિ પપ્પાજી મહારાજ બંધુબેલડી શતાબ્દી મહોત્સવના લોગોની પ્રતિકૃતિ વિવિધ શાકભાજી અને ફળોના માધ્યમથી પૂ. રમેશભાઈ ઝાનાં માર્ગદર્શને યુવાનો-યુવતીઓ દ્વારા ભક્તિરૂપે પ્રસ્તુત કરવામાં આવી. સંતભગવંત સાહેબજીએ પ્રસન્ન થઈ સૌ પર રૂડા આશીર્વાદ વરસાવ્યા. પૂ. શાંતિદાદાએ પ્રાસંગિક મહિમાગાન કરી આશીર્વાદ અર્પ્યા. શાકોત્સવની આરતી અર્પણ થયા બાદ પૂ. શાંતિદાદાના પુનિત હસ્તે સૌ ભક્તોને શાકોત્સવના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. ◆

*** વેમાર :** ઉપાસના ધામ-વેમારમાં ૧૮ નવેમ્બરના રોજ માસિક કીર્તન આરાધના અને દિવ્ય શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું. સૂરવૃંદે ભાવપૂર્ણ કીર્તન રેલાવી સૌને ભક્તિથી તરબોળ કર્યાં. સ્વયંસેવકોએ અદ્‌ભુત કલાત્મકતાથી શાકભાજી, ફળાદિની ગોઠવણી કરી ભક્તિ અદા કરી. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી પધારેલ સંતો પૂ. હર્ષદદાદા, પૂ. મણિભાઈ, પૂ. ગોરધનભાઈ, પૂ. ઘનશ્યામભાઈ અને પૂ. ગોવિંદભાઈએ સૌ સેવકો પર પ્રસન્નતા વરસાવી. પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ આપી સૌની ભક્તિને બિરદાવી. ◆

*** ખારઘર, નવી મુંબઈ :** ૧૯ નવેમ્બર, દેવ ઊઠી અગિયારસના પાવન પર્વે અનુપમ મિશનના નવી મુંબઈ, ખારઘર સ્થિત મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ સ્થાનિક સંતો પૂ. દિનેશભાઈ અને પૂ. હરિભાઈનાં માર્ગદર્શને મંડળના મુક્તોએ ભેગા મળીને શાકોત્સવની દિવ્ય ઉજવણી કરી. આ પ્રસંગે ભક્તોએ શાકભાજી અને ફળોની સુંદર કલાત્મક ગોઠવણી કરી ભક્તિ અદા કરી. ભેગાં મળી સેવા કર્યાનો સંતોષ માણી, સામૂહિક આરતી અર્પણ કરી, દિવ્ય સ્મૃતિઓ લઈ સૌ વિસર્જિત થયાં. ◆

## ઉત્તર પ્રદેશમાં સંતોનાં વિચરણ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી ઉત્તર પ્રદેશના ગોંડા નજીક આવેલ ગુરુગૌલા ગામમાં અક્ષરમુક્ત કે. સી. સિંગસાહેબના ભક્તિભાવથી ઘરમંદિરમાં હરિમંદિર સ્થપાયું છે. તેના ૧૭મા પાટોત્સવ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી સંતો પૂ. રણછોડભાઈ, પૂ. રાજુભાઈ,



ઉપાસના ધામ, વેમારમાં સંતોના સાંનિધ્યે શાકોત્સવ



અનુપમ મિશન, ખારઘર-નવી મુંબઈમાં શાકોત્સવમાં ભક્તિ અર્ઘ્ય

પૂ.અનિલભાઈ અને પૂ. અશોકભાઈ પધાર્યા. ૨૩ નવેમ્બરના રોજ ૩૦૦થી વધુ અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં સંતોએ દિવ્ય પાટોત્સવ પૂજનવિધિ કરાવી આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે ભાવિક ભક્તોએ અન્નકૂટ ધરાવી ભક્તિ અદા કરી. મંદિરને કારણે ગામવાસીઓમાં એકતા, સુહૃદભાવ અને ભક્તિનો અનેરો ઉમંગ સ્થાપિત થયેલો છે તેનાં દર્શન કરવાનો મોકો સૌ સંતોને પ્રાપ્ત થયો. સૌ ભક્તોની ભક્તિ અપૂર્વ હતી, જેનાં શાબ્દિક વર્ણન અશક્ય છે. સંતોએ અનેક અક્ષરમુક્તોના ઘરે પધરામણીઓ કરી, પ્રાર્થનાઓ કરી.

આ ઉપરાંત, ગુરગૌલાની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધિઓને બિરદાવવાના કાર્યક્રમમાં સંતો સહિત કે. સી. સિંગસાહેબ, વાલિયાસાહેબ, અરવિંદસિંગ, પ્રેમીલાબહેન, ઇન્દિરાબહેન અને શાળાના સારસ્વતમિત્રોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધાર્યો. અલ્હાબાદમાં હરિવદનસાહેબ, એચ. એમ. પટેલસાહેબ, ડૉ. શાર્દૂલસિંગ આદિ ભક્તોના ઘરે પધારી સંતોએ સત્સંગલાભ આપ્યો તથા તેઓની ભક્તિને બિરદાવી. ◆

## સાહેબજી, શાંતિભાઈ, સંતો-ભક્તોની દક્ષિણભારતની ધર્મયાત્રા

સંતભગવંત પ.પૂ. સાહેબજી, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિભાઈ-સંતો-ભક્તો સાથે દક્ષિણભારતની તીર્થયાત્રાએ પધાર્યા. ભગવાન સ્વામિનારાયણે નીલકંઠવર્ણી સ્વરૂપે આ દિવ્ય ભૂમિ ઉપર પધારી પાવન કરી તે સમયથી આજ સુધી સંબંધને પામેલાં ચૈતન્યોના આત્માને પોષણ મળે તે હેતુ સાથે ચેન્નાઈ, પૉંડિચેરી, સેલમ, કોઈમ્બતુર પધારી પ્રભુની નિષ્ઠામાં જીવતાં અનેક ચૈતન્યોને પોતાનો સંસ્પર્શ આપી ધન્ય કર્યાં. યાત્રામાં સાથે ૬ સંતો અને ઈંગ્લેન્ડથી ખાસ આ યાત્રાનો લાભ લેવા માટે આવેલ વિજયકુમાર-દર્શનાબહેન-ભાવિશા સાથે દિવ્યેશભાઈ-અમીબહેન અને ભક્તોને જોડ્યાં.

૨૭ નવેમ્બરે અમદાવાદથી વિમાન માર્ગે ચેન્નાઈ પધાર્યા. અહીંયાં મનુસુખભાઈ, ઝવેરીભાઈ-રક્ષિતાબહેન, પ્રૉમિસભાઈ-નીતાબહેન આદિની નિષ્ઠા, સેવાભક્તિ અને સમર્પણથી દિવ્ય સમાજ રચાયો છે. અહીં સભાઓમાં પ.પૂ. સાહેબજીનો ૮૦મો પ્રાગટ્યદિન ઉજવાયો.

ચેન્નાઈ ઍરપૉર્ટ ઉપર સૌ ભક્તોએ સ્વાગત કર્યાં. ત્યારબાદ ઝવેરીભાઈ-રક્ષિતાબહેનના આવાસે સમગ્ર મંડળના મુક્તોએ શેરીમાં લાલ જાજમ પાથરી, ગગનમાંથી પુષ્પવૃષ્ટિ કરી, ચરણને પુષ્પોથી વધાવી સ્વાગત કર્યાં. કળશ મસ્તકે ધારી નાની નાની દીકરીઓએ પૂજન કર્યાં અને સ્વાગતપથ ઉપર સાહેબદાદા અને સૌ સંતોને દોર્યા. બે કતારમાં ભાઈઓ-બહેનોએ ઊભાં રહી વંદન ધર્યાં, દર્શન કર્યાં, ચરણસ્પર્શ કર્યા.

ભક્તોએ ભાવવંદના ધરી માહાત્મ્યગાન કર્યાં. દીકરીઓએ પ્રાગટ્યદિનની કેક પ.પૂ.સાહેબદાદાને અર્પણ કરી. સાત દિવસના રોકાણ દરમિયાન ભક્તોના ઘરે તથા તેઓના વ્યવસાયના સ્થાને પધરામણીઓ કરી આશીર્વાદ આપ્યા. વિશેષ રૂપે મયૂરભાઈ-પ્રીતિબહેનની 'ફૉક્સ આર્ટ ગેલેરી' જે સમગ્ર ભારતમાં અગ્રસ્થાન ધરાવે છે ત્યાં પધારી આશીર્વાદ આપ્યા અને રાજીપો બતાવ્યો.

બે દિવસ માટે સંતો-ભક્તો સાથે પ.પૂ. સાહેબજી તીર્થસ્થાન પૉંડિચેરી પધાર્યા. અહીંયાં શ્રી અરવિંદ આશ્રમ સંચાલિત પાર્ક ગેસ્ટહાઉસમાં પૂ. કુસુમબહેને સઘળી વ્યવસ્થા કરી હતી ત્યાં રોકાયા. પ.પૂ. સાહેબજીએ કથાવાર્તા કરી જીવન જીવવાની વાતો કરી સુખ આપ્યું. વરસતા વરસાદમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીના સમાધિસ્થાને ધ્યાન અને દર્શન કર્યાં. 'ઑરોવિલ' પધારી માતૃમંદિરમાં ધ્યાન કર્યું. પૉંડિચેરીમાં વિજયભાઈ-દર્શનાબહેન ઠક્કરનાં માસી વિનુબહેન 'નિર્વાના સ્કૂલ' ચલાવે છે ત્યાં પધરામણી કરી બાળકોને આશીર્વાદ આપ્યા.

ચેન્નાઈથી ૩જી ડિસેમ્બરે રાત્રે ટ્રેઈનમાં નીકળી સેલમ પધાર્યા. પૂ. પૂનમભાઈના હેત-પ્રેમથી વર્ષોથી રણછોડભાઈ અનુપમ મિશનની સેવામાં રત છે. તેઓએ સઘળી વ્યવસ્થા અને કાર્યક્રમ ગોઠવ્યા. અહીંયાં જલારામ મંદિરમાં સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તોને આશીર્વાદ આપ્યા. રણછોડભાઈ-જયાબહેન, ભરતભાઈ-પ્રીતિબહેન, તરુબહેન અને માપલે, કોકિલાબહેન રાજવીર, રાયચંદભાઈ, શ્રીકાંતભાઈ આદિને મળીને સત્સંગનો લાભ આપ્યો. યુવા કાર્યકર રાકેશભાઈ-મીનલબહેનના ઘરે યુવાનોને એકત્ર કરી સત્સંગની પ્રવૃત્તિ કરવા આદેશ અને આશીર્વાદ આપ્યા.

સેલમથી ૬ ડિસેમ્બરે કોઈમ્બતુર પધાર્યા. ઉદયનભાઈ-નયનાબહેન અને પરિવારના દાખડાથી અહીંયાં સત્સંગનો વિકાસ થયો છે. નાનુકાકા, નટુકાકા, કાંતિકાકા આદિનો સાથ સાંપડ્યો છે. ભવ્ય સ્વાગત થયાં અને તે જ દિવસે સાંજે અહીંથી ૪૦ કિ.મી. દૂર આવેલ પ.પૂ. સદ્‌ગુરુ શ્રી જગ્ગી વાસુદેવ સદ્‌ગુરુના 'ઈશા ફાઉન્ડેશન' દ્વારા રચાયેલ વિશાળ સંકુલમાં પધાર્યા. અહીંયાં ભક્તોએ પુષ્પમાળા અર્પણ કરી પ્રવેશદ્વારે આદિ યોગી શ્રી શંકર ભગવાનની વિશાળ પ્રતિમા સમક્ષ સ્વાગત કર્યાં. આશ્રમમાં સૂર્યકુંડ, ચંદ્રકુંડ, લિંગભૈરવી માતાજી તથા ધ્યાનલિંગમ્ આદિ સ્થાનોનાં અહીંના ગુજરાતી સ્વયંસેવકોએ દર્શન કરાવ્યાં. અહીંનાં બાગ-બગીચાની હરિયાળી વચ્ચે મંદિર, નિવાસ સ્થાનો, મહેમાનગૃહ, યોગપ્રવૃત્તિ માટેના વિશાળ ખંડ, વિશાળ ભોજનાલય આદિ રચાયાં છે. વાતાવરણની પવિત્રતા, દિવ્યતા હૃદયને સ્પર્શે તેવી છે. પ.પૂ. સાહેબજી સાથે સૌ સંતોની પ.પૂ. સદ્‌ગુરુ સાથે અંગત દર્શન-મુલાકાત ગોઠવાઈ. તેઓના નિવાસસ્થાને સૌ પધાર્યા ત્યારે તેમની સાધુતાનાં દર્શન થયાં. તેઓએ સ્વયં કુટિરમાંથી બહાર આવી સૌને આવકાર્યા ને સૌને પ્રેમથી કુટિરમાં લઈ ગયા. સાથે બેઠા, વાતો કરી. સંતભગવંત સાહેબદાદાએ બ્રહ્મજ્યોતિ પધારવા આમંત્રણ આપ્યું. તેઓશ્રીનું શાલ, ખેસ અર્પણ કરી અભિવાદન કર્યાં. આપણી અનુપમ મિશન સંસ્થાનાં પ્રકાશનો પણ અર્પણ કર્યાં. બંને સંતોનાં દિવ્ય મિલનનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. તેઓશ્રીના અત્યંત આગ્રહથી પ્રસાદ લીધો અને રાત્રિરોકાણ કર્યું.

પ.પૂ. સાહેબજી સાથે ગોષ્ઠિ કરી અને પ.પૂ. સદ્‌ગુરુશ્રીએ અંગ્રેજીમાં આશીર્વાદ આપ્યા, જેનો ગુજરાતીમાં ભાવાનુવાદ : જો આધ્યાત્મિક પ્રક્રિયાનું અસ્તિત્વ દુનિયામાં રાખવાનું હોય, એને વિકસવાનું હોય તો માત્ર કટ્ટર ધાર્મિક માન્યતાઓ નહિ, પણ એવી ખોજ કે – આપણું આત્યંતિક અસ્તિત્વ શું છે ? જીવનનું સત્ય શું છે ? અને આત્યંતિક કલ્યાણ કેવી રીતે કરવું ? તે કરવી જરૂરી છે. જો આમ કરવું હોય તો આપણે આપણી સંસ્કૃતિને પોષણ આપવું પડશે. પોષણ આપવું એટલે આપણે આપણી જાતની ફરતે દીવાલો નથી ચણવાની, પણ એટલું ફ્લેક્સિબલ બનવાનું છે કે, એને કોઈ તોડી જ ન શકે. અને આ જ કારણે તો આપણી સંસ્કૃતિ આજની તારીખે જીવંત છે. એ એટલી ફ્લેક્સિબલ છે કે કોઈ તેને તોડી નથી શક્યું. ભલેને આપણા પર બીજાઓએ હજારો વર્ષ રાજ્ય કર્યું, તોપણ આપણી આ સંસ્કૃતિને તોડી નથી શક્યા. પણ આપણે એ સમજવાનું છે કે, જે વસ્તુ તલવાર અને બંદૂક ના તોડી શકી એને તોડવાને સમર્થ પૈસો બન્યો. એ કારણે આ સંસ્કૃતિની રક્ષા કરવી એ ખૂબ જ મહત્ત્વનું છે.

આપણે ભારતીય છીએ અને આપણું એની સાથેનું જોડાણ છે એટલે નહિ, પણ જો આ સંસ્કૃતિ જશે તો દુનિયામાં બીજી એવી કોઈ સંસ્કૃતિ નથી કે જે આધ્યાત્મિક માર્ગની ખોજને પોષણ આપી શકે. બીજે બધે ધાર્મિક માન્યતાઓ પર ભાર અપાય છે કે, આમ માનો ને આમ કરો તો સ્વર્ગમાં જશો નહિ તો નર્કમાં જશો. પણ આ જ એક એવી આધ્યાત્મિક સંસ્કૃતિ છે કે, જે દરેક તબક્કે ગોષ્ઠિ, ચર્ચા કે ખોજને પોષણ આપે છે. આ વસ્તુ જીવનમાંથી જતી રહે અને જો ફક્ત માન્યતામાં જ જીવીએ તો તમારી એક માન્યતા હોય અને મારી એક માન્યતા હોય અને આપણા બંનેની જો અલગ માન્યતા હોય તો ક્યારેક આપણો ઝગડો થવાનો જ છે. કારણ કે, હું માનું છું કે આ જ સાચું છે અને તમે માનો છો કે આ સાચું છે.

આપણે હંમેશાં પરમની ખોજ માટેની તાદાત્મ્યતા રાખીએ છીએ, અને એ આ સંસ્કૃતિનો એક પાયો છે. પરંતુ, બધા આપણને અજ્ઞાની સમજે છે અને એમની દૃષ્ટિએ આપણે મૂરખ પણ લાગતા હોઈશું. જો કે, બીજી અનેક સંસ્કૃતિ આવી અને ગઈ, પણ આપણી સંસ્કૃતિ જીવંત રહી છે, આપણે જીવંત રહ્યા છીએ, આપણે ફાલીફૂલીને વિકસ્યા છીએ. આ દરમિયાન આપણે ખરાબ સમયમાંથી પણ પસાર થયા છીએ, પરંતુ સારો સમય પણ આવે છે, જેને આપણે ઈચ્છીએ ત્યારે સંભવ બનાવી શકીએ છીએ.

આજે લોકો આ સંસ્કૃતિને અંદરથી બગાડવા માંગે છે અને એટલે જ એની રક્ષા માટે રાજકીય સામર્થ્યની ખૂબ અગત્ય છે. નહિ તો આ લોકો અંદરથી તેને ખોખલી કરી દેશે. તેઓ જાણે છે કે, બહારથી આ સંસ્કૃતિને કશું કરી શકાય તેમ નથી તેથી તે અંદરથી તેને તોડવા પ્રયત્ન કરે છે. બહારથી આવતું હોય એને આપણે રોકી શકીએ પણ એક ઈન્ફૅક્શનની જેમ જો અંદરથી બગાડ થાય તો તેને રોકવું અઘરું થઈ જાય છે. એટલે આવી રહેલાં દસ-પંદર વર્ષ આપણા માટે બહુ જ અગત્યનાં છે. સૌ મુમુક્ષુઓએ જાગ્રત થઈ તૈયાર થવું જોઈએ. ફક્ત વાતોથી નહિ, પણ વર્તન દ્વારા એક દૃષ્ટાંત પૂરું પાડીને બતાવવું જોઈએ અને આપણે આ વિશ્વમાં એક અજોડ આદર્શ બની રહેવું જોઈએ.

લોકોની માન્યતા એવી છે કે, પાછલી અવસ્થામાં જ આધ્યાત્મિક માર્ગે ચાલવાનું હોય. જ્યારે તમે અહીંયાં જુઓ તો ૯૦ ટકા લોકોની ઉંમર ૪૦ વર્ષથી ઓછી છે. વળી, તેઓ અહીંયાં ૧૫થી ૨૦ વર્ષથી આવે છે, એટલે કે, તેઓ ૨૫ વર્ષથી નાના હોય ત્યારથી આવે છે. અને એ બહુ સારી બાબત છે. યુવાનોએ આવી આધ્યાત્મિક ખોજમાં ઝંપલાવવાનું છે. જ્યારે મરણપથારી પર હોય ત્યારે સૌ કોઈ ડરીને 'રામ રામ' બોલે, એ તો ઠીક છે, પણ જો પરિવર્તન લાવવું હોય તો એની પ્રક્રિયા વહેલી ચાલુ થવી એ ખૂબ જ મહત્ત્વનું છે. સૌથી વધુ મહત્ત્વનું તો એ છે કે, આપણને આપણી આધ્યાત્મિક વારસાનું ગૌરવ હોવું જોઈએ. કારણ કે, જે બાબતનું આપણને ગૌરવ નથી હોતું તે બાબત વધુ ટકતી નથી. જે સમાજને પોતાની સંસ્કૃતિનું ગૌરવ હોતું નથી એ સમાજ લાંબું ટકતો પણ નથી. અત્યારે એ લોકોએ એવું વાતાવરણ ઊભું કર્યું છે કે, જો પશ્ચિમના દેશો એમના દરવાજા ખુલ્લા મૂકે તો આપણી અડધી વસ્તી દરિયો તરીને પણ ત્યાં પહોંચી જાય. જેનું એક કારણ આર્થિક પરિસ્થિતિ તો છે જ, પણ એનાથી મોટું કારણ તો એ છે કે, આપણામાં ગૌરવતાની-ધન્યતાની ભાવનાની ઊણપ છે.

તે લોકોએ આપણો ઈતિહાસ એવો લખ્યો અને આપણને એવી રીતે દર્શાવ્યા કે, આપણને આપણું ગૌરવ જ ના રહે. અને આપણા વિષે સારું કશું લખાયું નથી, કારણ કે, ઈતિહાસ તો જેમણે તલવાર અને બંદૂક અજમાવ્યાં તેનાથી જ ભરેલો છે. ઈતિહાસ મહાન વ્યક્તિઓએ તેમની પેઢીમાં કરેલાં મહાન કાર્યોથી નથી લખાયેલો; પરંતુ જેમણે બીજાને માર્યા, કાપ્યા એમનાં નામ ઈતિહાસમાં છે, અને એટલે જ તો આપણે એવા ઈતિહાસ માટે લાયક નથી. આપણે જુદા છીએ અને આપણે અંદરથી સામર્થ્યવાન છીએ. આપણે ક્યારેય એવું ઈચ્છ્યું નથી કે, આપણે કોઈને હરાવવા છે કે વર્ચસ્વ રાખવું છે. આપણે હંમેશાં તેનું પરિવર્તન કેમ થાય તે જ જોઈએ છીએ. એટલે આ સંસ્કૃતિની રક્ષા કરી, એને જાળવી, એને પોષી, એને ફ્લેક્સિબલ બનાવી સર્વ રીતે સુલભ કરવી એ એના વિકાસ માટે ખૂબ જ અગત્યનું છે. કારણ કે, આખા વિશ્વમાં એવી કોઈ સંસ્કૃતિ નથી કે જે આવી રીતે સૌને સમાવી શકે. આવું કદાચ ૨૧મી સદીમાં હોઈ શકે, પરંતુ એ સંસ્કૃતિના લોકોની રૂઢિચુસ્ત માન્યતાઓ એમને અંદરથી એવી સંકુચિતતાની દીવાલો બાંધી દે છે. જ્યારે આપણી આ એવી સંસ્કૃતિ છે કે, જેમાં એક જ ઘરમાં રહેતા પરિવારના સભ્યો ૨૫ જુદા દેવ-દેવતાઓને માની શકે. એમાં તેમને કોઈ તકલીફ થતી નથી. કારણ કે, આ એવી વિશાળ સંસ્કૃતિ છે અને તેનું બંધારણ જ એવું છે કે, તે લોકોને આંતરિક ખોજના માર્ગે દોરે. આ મુમુક્ષુઓની ભૂમિ છે, માત્ર અંધશ્રદ્ધાળુઓની નથી. આપણે એમનો સામનો કરવા માટે એમના જેવા નથી બનવાનું. આપણે મુમુક્ષુઓ છીએ એ જ તો આપણી તાકાત છે. મોટો ફરક તો એ છે કે, આપણને જે નથી ખબર એની આપણને જાણ છે અને એમને જે નથી ખબર એનો એમને ખ્યાલ જ નથી. ◆

(પૂ. પંકજભાઈના અહેવાલ પરથી સંકલિત)